HGH INDIA 2017 SM
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE
JULY 4-6, 2017 MUMBAI, INDIA

NEWS 1

A TEXZONE Event

Where business feels at home!

જુલાઈ ૪–૬, ૨૦૧૭

# નવોન્મેષો સાથે આપની મુલાકાત

નવા સ્રોતો... નવીનીકરણો... ફેશન ટ્રેન્ડ્સ... માર્કેટ ટ્રેન્ડ્સ... બિઝનેસ આઈડિયા... એચજીએચ ઈન્ડિયા ૨૦૧૭ આ તમામ મોરચે ભારતીય વેપારને નવો ઉત્સાહ પૂરો પાડવા માટે સજ્જ છે!

પાંચમી વાર્ષિક આવૃત્તિના સફળ સમાપન બાદ એચજીએચ ઈન્ડિયા ૨૦૧૭ની છઠ્ઠી આવૃત્તિ અત્યાર સુધીની સૌથી મોટી રેન્જનું અને ભારતીય રીટેલર્સ, હોલસેલર્સ, વિતરકો, આયાતકારો, સંસ્થાકીય ખરીદદારો, ઈન્ટીરિયર ડિઝાઈનર્સ અને વ્યાવસાયિકો માટે **હોમ ટેક્સટાઈલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ્સ** ક્ષેત્રે ભારતીય અને **આંતરરાષ્ટ્રીય** વિવિધતાનું અનાવરણ કરશે.

ગોરેગાંવ, મુંબઈમાં બોમ્બે એક્સિબિશન સેન્ટર ખાતે **જુલાઈ ૪–૬, ૨૦૧૭** દરમિયાન આયોજીત એચજીએચ ઈન્ડિયા એ હવે **૩૦થી વધુ દેશના** પ્રદર્શનકર્તાઓ દ્વારા ભારતીય વેપારમાં નવા કલેક્શનો અને પ્રોડક્ટ લાઈન્સ લોન્ચ કરવા માટેનું સુસ્વીકૃત મંચ બની ગયું છે. ૫૦૦ જેટલી બ્રાન્ડ્સ અને ઉત્પાદનકર્તાઓના પ્રદર્શન વચ્ચે **૬૦થી વધુ આંતરરાષ્ટ્રીય** અને **૭૫** જેટલા **ભારતીય** પ્રદર્શકો પહેલીવાર પ્રદર્શન કરશે, જેઓ વેપારના હેતુથી આવનારા મુલાકાતીઓને નવા ઉત્પાદનો અને સ્રોતો શોધી કાઢવા કેટલીક નવી તકો પૂરી પાડશે.

એચજીએચ ઈન્ડિયા ૨૦૧૭ એ ફક્ત અત્યાર સુધીની સૌથી મોટી આવૃત્તિ જ નહીં હોય પરંતુ તેમાં બીજી ઘણી આવૃત્તિઓ પણ હશે અને અનન્ય એવું ૧૫ પ્રદર્શકો સાથેનું **તુર્કી પેવેલિયન**, ૧૮ પ્રદર્શકો ધરાવતું **તાઈવાન પેવેલિયન** અને ૨૦થી વધુ પ્રદર્શકો ધરાવતું **ચાઈના પેવેલિયન** જેવી વિશિષ્ટ લાક્ષણિક્તાઓ પણ તેમાં હશે. **ઈટાલી, બેલ્જિયમ, જર્મની, તુર્કી, યુએસએ, ઓસ્ટ્રેલિયા, થાઈલેન્ડ, તાઈવાન** અને **ચીન** જેવા દેશો પોતાની કેટલીક બ્રાન્ડ્સ ઉપરાંત ભારતમાં પોતાનું પહેલું પદાર્પણ કરી સર્વપ્રથમવાર પ્રદર્શન કરશે. તેમાંના મોટાભાગના ભારતમાં લાંબાગાળાના વિતરક ભાગીદારો અને બ્રાન્ડ્સના પ્રતિનિધીઓની શોધ પણ ચલાવી રહ્યા છે.










**ભારત**માંથી ટીટીકે પ્રેસ્ટીજ (કૂકવેર અને કિચન એપ્લાયેન્સિસ), બાલ્ટ્રા (કિચન એપ્લાયેન્સિસ), બીપી ભારત (સિરામિક્સ), સ્ટેલિયોન બારવેર (બારવેર), મુરિનો– જોયો પ્લાસ્ટિક્સ, ઓલ ટાઈમ પ્લાસ્ટિક્સ (પ્લાસ્ટિક હાઉસવેર), ડેકોરેક્સ (બ્લાઈન્ડ્સ), ડિવાઈન (વોલ પેપર્સ અને સોફ્ટ ફર્નિશિંગ્સ), માર્કોપોલો (ડેકોરેટિવ ફ્લોરિંગ), રમ્મર્સ (ફર્નિશિંગ ફેબ્રિક્સ), જેમ કલેક્શન્સ (ફર્નિશિંગ ફેબ્રિક્સ), પર્પલ મેઝ (ફર્નિશિંગ ફેબ્રિક્સ), પેપ્સ (મેટ્રેસિસ), સ્પેરો (ફ્લોર કવરિંગ્સ), બિરલા સેલ્યુલોઝ (ફાઈબર), આર્ચિસ (ગિફ્ટ્સ) અને તેમના જેવા બીજા ઘણા ટોચના પ્લેયર્સ તેમના ઉત્પાદનો પહેલીવાર પ્રદર્શિત કરશે.

એચજીએચ ઈન્ડિયાની રચના સમગ્ર ભારતના રીટેલર્સ, વિતરકો, હોલસેલરો, આયાતકારો અને સંસ્થાગત ખરીદદારોનું તેના ભારતીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શનકર્તાઓ સાથે સ્પષ્ટપણે જોડાણ સાધવા માટે થઈ છે. આ ટ્રેડ શોએ અત્યાર સુધીમાં ભારતીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ મારફતે ભારતીય માર્કેટમાં ડિઝાઈનની નવીનતાઓ અને નવા ઉત્પાદનો લોન્ચ કરવા માટેના મંચ તરીકેની પોતાની ઓળખ સુસ્થાપિત કરી દીધી છે. તેઓ આ ટ્રેડ શોનો ઉપયોગ નવી ટ્રેડ સ્કીમો રજૂ કરવા માટેના મંચ અને સમગ્ર દેશમાં થતા વ્યાપારમાં તેમની નવી રજૂઆતો પ્રત્યેના પ્રતિસાદો મેળવવાના મંચ તરીકે પણ કરી રહ્યા છે.

આ ક્ષેત્રે એચજીએચ ઈન્ડિયાની અસરકારક્તાએ હોમ ટેક્સટાઈલ્સમાં સ્પેસિસ (વેલસ્પન), પોર્ટિકો ન્યુ યોર્ક, ટ્રાઈડેન્ટ, ઈન્ડો કાઉન્ટ, ટેક્સટ્રેડ, ડિસિટેક્સ, જીએમ ફેબ્રિક્સ, કેસી ફેબ્રિક્સ, દીવા ટેક્સટાઈલ્સ, પ્રિન્સ ફર્નિશિંગ્સ (ડી' ડેકોર), જય દુર્ગા (ડી' ડેકોર); ફોરેસ્ટ, ટોસો (બ્લાઈન્ડ્સ), માર્શલ્સ, વોલ કિંગ, ગ્રીનપ્લાય, નિલયા (વોલપેપર્સ), નેચર્સ મેનિયા, રોઝમૂર (ફ્રેગ્રેન્સિસ અને ડ્રાય ફ્લાવર્સ), એથેનિક ક્લોક્સ, કોકટેઈલ, એક્સ દો ઢાઈ (ડેકોરેટિવ એસેસરીઝ), બોરોસિલ, નેક્ટમેન, લ્યુમિનાર્ક, ઓશિયન, રાજ એજન્સિસ, ડીવનાઉ, રોક્સ (ગ્લાસવેર), ક્લે ક્રાફ્ટ, નોરિટેક, દનકટુવા, હોપવેલ, ભારત પોટ્રીઝ, આર્ચિસ, લા–ઓપાલા, કોરેલે, એફએનએસ (ટેબલવેર), સર્વવેલ, સુપરવેર (મેલામાઈન) જેવા ટોચના ઈન્ડસ્ટ્રી પ્લેયર્સને દર વર્ષે તેમના નવા કલેક્શન્સ લોન્ચ કરવા માટે તેના મંચનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

એચજીએચ ઈન્ડિયા એ આજે ફક્ત નવી શ્રેણીઓને રજૂ કરવા માટેની વિન્ડો માત્ર નથી રહી પરંતુ તેને ઉચ્ચ ગુણવત્તાની બ્રાન્ડ્સ અને ભરોસેમંદ સપ્લાયર્સ રજૂ કરનારા કાર્યક્રમ તરીકે લેખવામાં આવે છે. વેપાર માટે આવનારા મુલાકાતીઓ તેમના તમામ નિયમિત સપ્લાયર્સને મળવા સાથે ફરી એકવાર વેપારની ઘણી નવી આકર્ષક તકોની આશા રાખી શકશે!



**નવીનતાઓ ■ પ્રવાહો ■ ઉત્પાદનો ■ પ્રાપ્તિસ્થાનો ■ અવસરો**

## એચજીએચ ઈન્ડિયા ૨૦૧૭ : અહીં પ્રાપ્તિસ્થાન બને છે ૫૦૦ બ્રાન્ડ અને નિર્માતાઓ

# ભારતીય માર્કેટ મજબુત બની રહ્યું છે

છેલ્લા ૩ વર્ષથી સતત ૭%થી વધુના વાર્ષિક દરે વિકસી રહેલા ભારતીય અર્થતંત્રની અને સરકાર દ્વારા ‘‘વર્ષ ૨૦૨૨ સુધી તમામ માટે આવાસ’’ પર મૂકવામાં આવી રહેલા ભારની પૃષ્ઠભૂમિમાં ભારત હોમ ટેક્સટાઈલ્સ, હાઉસવેર, હોમ ડેકોર અને ગિફ્ટ પ્રોડક્ટ્સની ભારતીય અને આંતરરાષ્ટ્રીય એમ બંને પ્રકારની બ્રાન્ડ્સ, ઉત્પાદનકર્તાઓ અને રીટેલર્સ માટેનું સૌથી લાભદાયી, સ્થિર અને લાંબાગાળાનું માર્કેટ બનવા તરફ અગ્રેસર છે.



૧.૨૫ અબજ લોકોમાંથી ૬૫% લોકો ૩૦ વર્ષથી નીચેની વય ધરાવતા હોવાના અને આ યુવાનો ખૂબ જ મહત્વાકાંક્ષી હોવાના વસ્તીવિષયક તથ્યોને ઉમેરીયે તો આ ભવિષ્યવાણી વધુ દ્રઢિભૂત થાય છે. આશરે ૨.૨ કરોડથી વધુ ભારતીયોએ વર્ષ ૨૦૧૬માં વિદેશયાત્રા કરી હતી. ભારતમાંથી આંતરરાષ્ટ્રીય મુસાફરોની સંખ્યા દર વર્ષે ૨૦%થી વધુના દરે વિકસી રહી છે, જે તેમને આંતરરાષ્ટ્રીય રહેણીકરણી અને બ્રાન્ડ્સના સંપર્કમાં લાવે છે અને સતત વધારાની માગ પેદા કરે છે. આજે સમગ્ર વિશ્વમાં ભારતીયોની ગણના સૌથી ઝડપથી વિકસી રહેલા અને ચતુરાઈપૂર્વક શીખી રહેલા ગ્રાહકો તરીકે થાય છે, જે તેમને હોમ સહિતની તમામ પ્રોડક્ટ્સ માટેના મુખ્ય વૈશ્વિક લક્ષ્યો બનાવે છે. શહેરીકરણનું ઝડપથી થઈ રહેલું વિસ્તરણ અને ગ્રામ્ય વિસ્તારોનો ઝડપથી થઈ રહેલો આર્થિક અને સામાજિક વિકાસ ભારતીય માર્કેટમાં લાઈફસ્ટાઈલ હોમ પ્રોડક્ટ્સની માગને વધુ પ્રોત્સાહન આપે છે.

ભારતીય હોમ પ્રોડક્ટ્સના માર્કેટમાં આવેલો ઉછાળો કેટલાક નિરીક્ષણોમાં પ્રતિબિંબિત થાય છે. મોટાભાગની ભારતીય બ્રાન્ડ્સ અને ઉત્પાદનકર્તાઓએ તેમના વેચાણમાં છેલ્લા ત્રણ નાણાંકિય વર્ષ દરમિયાન ૧૦%થી ૩૦% વચ્ચે વૃદ્ધિ કરી છે. જગદીશ સ્ટોર્સ અને ભારત ફર્નિશિંગ જેવા હાઉસવેર, હોમ ટેક્સટાઈલ્સ અને હોમ ડેકોર કેટેગરીઓના કેટલાક સ્પેશિયાલિટી રીટેલર્સ મુંબઈ, દિલ્હી અને બેંગ્લુરુ જેવા મેટ્રો સિટીમાં જ નહીં પરંતુ લુધિયાણા, પૂને, જયપુર, રાયપુર અને કોચીન જેવા પ્રમાણમાં નવા શહેરોમાં પણ નવા સ્ટોર્સ ખોલી રહ્યાં છે. હોમ સેન્ટર અને હોમ ટાઉન જેવા લાર્જ ફોર્મેટ રીટેલર્સ પણ સમગ્ર દેશમાં ઘણા નવા સ્ટોર્સ ખોલીને વિસ્તરણ કરવા તરફ અગ્રેસર છે.

આંતરરાષ્ટ્રીય મોરચે ઈટાલી, જર્મની, ફ્રાન્સ, બેલ્જિયમ, સ્પેન, યુકે, તુર્કી, યુએસએ, કેનેડા, ચીન, તાઈવાન, ઓસ્ટ્રેલિયા, થાઈલેન્ડ, કોરિયા, વિયેટનામ, યુએઈ, શ્રીલંકા જેવા દેશોની ઘણી બ્રાન્ડ્સ અને ઉત્પાદનકર્તાઓ લાંબાગાળાના આયોજન સાથે ભારતીય માર્કેટમાં પ્રવેશવાની તૈયારી કરી રહ્યા છે. કોરેલે, લોક–એન–લોક, ડીકેડબલ્યૂ, નોરિટેક, ટુડેઉ જેવી કેટલીક આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ માટે ભારત પહેલેથી જ આશાસ્પદ ગ્રોથ માર્કેટ્સમાંના એક તરીકે સૂચિબદ્ધ છે. તુર્કી, તાઈવાન, ચીન, થાઈલેન્ડ, ઈટાલી, ઓસ્ટ્રેલિયા અને અન્ય દેશોની ૬૦થી વધુ બ્રાન્ડ્સ અને ઉત્પાદનકર્તાઓ એચજીએચ ઈન્ડિયા ૨૦૧૭ ખાતે ભારતીય માર્કેટમાં પોતાનું પદાર્પણ કરવા જઈ રહ્યા છે, જે આ માર્કેટના વિકાસની ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે.

# તુર્કી એક વ્યાપક શ્રેણી રજૂ કરશે

હાઉસવેરની ૧૮ તુર્કીશ બ્રાન્ડ્સ અને ઉત્પાદનકર્તાઓ પહેલીવાર તેમના ઈનોવેટિવ કિચનવેર, કિચન ટૂલ્સ, કૂકવેર, બેકવેર, કિચન એપ્લાયેન્સિસ, ફૂડ કન્ટેનર્સ, રેફ્રીજરેટની એસેસરીઝ, ક્રોકરી, ગ્લાસવેર, ટેબલવેર, બારની એસેસરીઝ, સ્ટોરેજ, લોન્ડ્રી બેગ્સ, સફાઈના સાધનો, ઈસ્ત્રી કરવાના બોર્ડ, સીડીઓ, ક્લોથ ડ્રાયર્સ, જનરલ પ્લાસ્ટિક હાઉસવેર, બાથરૂમ એસેસરીઝ, ગાર્ડનિંગ ટૂલ્સની વ્યાપક શ્રેણીનું એચજીએચ ઈન્ડિયા ૨૦૧૭ ખાતે પ્રદર્શન કરશે. હોલ નંબર ૫માં યા તો તેઓ ઈસ્તંબુલ સ્થિત ખ્યાતનામ તુર્કીશ હાઉસવેર એક્સપોર્ટર્સ એસોસિયેશન ઈવીએસઆઈડી દ્વારા આયોજિત કરવામાં આવેલ તુર્કી પેવેલિયન ખાતે પોતાની રજૂઆત કરશે અથવા તો તેમના પોતાના બૂથ હશે. એક તુર્કીશ બ્રાન્ડ તેના ભારતીય વિતરક રાગાશ્રીઈમ્પેક્સ મારફતે રજૂ થશે.

સારી રીતે તૈયાર કરવામાં આવેલ, ઉચ્ચ ગુણવત્તા ધરાવતા ઉત્પાદનોના વિશ્વમાં તુર્કી ખૂબ જાણીતો દેશ છે, આવા ઉત્પાદનો ગુણવત્તા બાબતે સભાન એવા યુરોપિયન અને અમેરિકન આયાતકારો અને રીટેલર્સમાં ખૂબ જ જાણીતા છે. ભારતીય રીટેલર્સ, આયાતકારો, બ્રાન્ડ્સ અને વિતરકો એચજીએચ ઈન્ડિયા ખાતે તુર્કીશ પ્રદર્શકો સાથે ભાગીદારી દ્વારા વ્યાપારની કેટલીક લાંબાગાળાની તકો ઝડપી લઈ શકે છે.



# તાઈવાનથી કેટલાક નવા સ્રોતો

એચજીએચ ઈન્ડિયાની આવી રહેલી આવૃત્તિમાં ૧૮ જેટલાં તાઈવાનીઝ પ્રદર્શકો ઘડિયાળો, સુશોભિત એસેસરીઝ, ગિફ્ટ્સ, બ્લાઈન્ડ્સ અને પડદાની એસેસરીઝ, છત્રીઓ, સફાઈ અને સ્વચ્છતા સંબંધિત ઉત્પાદનો, ડાયપર્સ, કચરા ટોપલીઓ, ઈલેક્ટ્રોનિક કી બોર્ડ્સ અને બીજી ઘણી બધી તેમની સમકાલીન રેન્જનું પ્રદર્શન કરશે. આ પ્રદર્શકોમાંના ઘણા બધા પહેલીવાર પ્રદર્શનમાં ભાગ લઈ રહ્યા છે અને તેઓ સીધા રીટેઈલ ગ્રાહકો, આયાતકારો અને સંસ્થાગત ખરીદદારો ઉપરાંત લાંબાગાળાના વિતરક ભાગીદારોની શોધમાં રહેશે.

એક દેશ તરીકે તાઈવાને ગિફ્ટ્સ, હાઉસવેર અને હોમ ડેકોર એસેસરિઝમાં તેમના દ્વારા સતત જાળવવામાં આવતી ગુણવત્તા અને સમકાલીન ડિઝાઈન નવીનતાઓ માટે સમગ્ર વિશ્વમાં ખૂબ સારી પ્રતિષ્ઠા હાંસલ કરી છે. તાઈવાનની આવી ઘણી કંપનીઓ ચીનમાં પોતાનું મેન્યુફેક્ચરિંગ યુનિટ ધરાવવાની સાથે તાઈવાનમાં પોતાની ડિઝાઈન, પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને કસ્ટમર સર્વિસ સુવિધાઓ ધરાવે છે. તેઓ તાઈવાનમાં બેઠા-બેઠા ગ્રાહકોને સેવા પૂરી પાડે છે અને માલસામાનને સીધો જ ચીનથી મોકલી આપે છે, જે ગ્રાહકોને તાઈવાનની બેનમૂન ડિઝાઈનનો અને ચીનની નીચી કિંમતોનો એમ બેવડો લાભ પ્રદાન કરે છે.

મુલાકાતીઓ હોલ પમાં સ્થિત તાઈવાન પેવેલિયનની મુલાકાત લેવા થોડો સમય ફાળવવાનું ચોક્કસપણે સુનિશ્ચિત કરે.

# ચીનનો આવિષ્કાર હજુ બાકી છે...

એચજીએચ ઈન્ડિયા ખાતે સતત ત્રીજા વર્ષે ૨૦થી વધુ ચાઈનિઝ પ્રદર્શકો હાજર રહેશે. નીચી કિંમતો ધરાવતા પોતાના ઉત્પાદનો અને તેની વ્યાપક શ્રેણી માટે જાણીતા ચીનના ઉત્પાદનકર્તાઓ ફરી એકવાર કેટલાક નવા ઉત્પાદનો સાથે હાજર થશે, ખાસ કરીને, ગ્લાસવેર, ક્રોકરી, ટેબલવેર, એર પ્યુરિફાયર્સ, હોમ એપ્લાયેન્સિસ, પડદાં અને રોલર બ્લાઈન્ડ મિકેનિઝ્મસ, બ્લાઈન્ડ્સ, ફર્નિશિંગ ફેબ્રિક્સ, ઘડિયાળો વગેરે ક્ષેત્રના ઉત્પાદનો સાથે.

લાંબાગાળાનું મેન્યુફેક્ચરિંગ ટાઈ-અપ્સ ઈચ્છનારા ફક્ત હોમ કેટેગરીના ભારતીય આયાતકારો અને રીટેલર્સ જ નહીં પરંતુ ભારતીય બ્રાન્ડ્સ, ઓનલાઈન રીટેલર્સ, ગિફ્ટ સપ્લાયર્સ, પ્રાઈવેટ લેબલ બાયર્સ અને સંસ્થાગત ખરીદદારો પણ ઉચ્ચ વૈવિધ્યપૂર્ણ પ્રોફાઈલ ધરાવનારા ચીનના ઉત્પાદનકારો સાથે મુલાકાત કરી શકશે.






# યુરોપિયન બ્રાન્ડ્સ પોતાની મજબૂત ઉપસ્થિતિ જાળવી રાખશે

ભારતીય ગ્રાહકો અને રીટેલર્સ દ્વારા યુરોપિયન બ્રાન્ડ્સનું તેમની પરિષ્કૃત ડિઝાઈન્સ અને ઊંચી ગુણવત્તા માટે હંમેશા ઊંચુ મૂલ્ય આંકવામાં આવ્યું છે. આથી, ઘણા કિસ્સામાં તેમના ઉત્પાદનો તેમના એશિયન સમકક્ષો કરતા વધુ મોંઘા હોવા છતાં તેઓ ભારતમાં વધુને વધુ લોકપ્રિયતા હાંસલ કરી રહ્યાં છે. ઉચ્ચ ખરીદશક્તિ ધરાવતા ભારતીય ખરીદદારોના ઘણા વર્ગો હવે વૈભવ-વિલાસ, વધુ સારી ડિઝાઈન અને વધુ સારી ગુણવત્તા માટે સભાનપણે વધુ ઊંચી કિંમત ચૂકવતા થયા છે.

ફર્નિશિંગ ફેબ્રિક્સ, વોલ પેપર્સ, હાઉસવેર અને ડેકોરેટિવ એસેસરીઝની કેટલીક ટોચની યુરોપિયન બ્રાન્ડ્સ ભારતમાં પોતાની ઉપસ્થિતિ ધરાવે છે. તેમાંના ઘણાએ તો અહીં પહેલેથી જ સ્થિર વિતરણ ભાગીદારો મેળવી લીધા છે, જેઓ તેમને સતત ઘણા વર્ષોથી માર્કેટમાં તેમની ઉપસ્થિતિ વધારવામાં મદદરૂપ થઈ રહ્યા છે. જર્મનની નેક્ટમેન (ક્રિસ્ટલ ગ્લાસ), સ્પાઈગેલાઉ (ગ્લાસવેર) અને ઝિમ્મર +રોડ (ફર્નિશિંગ ફેબ્રિક્સ); ફ્રાન્સની કાસામેન્સ (ફર્નિશિંગ ફેબ્રિક્સ), એલાઈટિસ (વોલપેપર્સ) અને ક્રિસ્ટલ ડ્રેક્સ (ક્રિસ્ટલ ગ્લાસ); યુકેની ડિઝાઈનર્સ ગિલ્ડ, હાર્લેક્વિન (ફર્નિશિંગ ફેબ્રિક્સ) અને જોસેફ જોસેફ (કિચન ટુલ્સ); ગ્રીસની આઈએફઆઈ (ફર્નિશિંગ ફેબ્રિક્સ); ઈટાલીની બોર્ગોનોવો (ગ્લાસવેર) તેમાંની એક છે. આ તમામ બ્રાન્ડ્સ છેલ્લા ૫ વર્ષથી નિયમિતપણે એચજીએચ ઈન્ડિયા ખાતે સીધા અથવા તેમના ભારતીય વિતરક ભાગીદારો મારફતે ભાગ લઈ રહી છે.


અન્ય કેટલીક બ્રાન્ડ્સ આ આકર્ષક અને ટકાઉ માર્કેટમાં પ્રવેશ મેળવવાના આયોજનની પ્રક્રિયા હાથ ધરી રહી છે. આ આવૃત્તિમાં મુલાકાતીઓ ઈટાલીના ટીવીએસ જેવા કેટલાક નવા પ્રવેશકો સાથે મુલાકાત કરી શકશે, જેઓ ભારતીય માર્કેટમાં તેમના પ્રીમિયમ નોન-સ્ટિક કૂકવેરને રજૂ કરશે.









## મુલાકાતીઓ અને પ્રદર્શનકારોનો વૃદ્ધિ દર














## Visitor Registration Form

HGH INDIA 2017

☐ Mr. ☐ Ms. ☐ Mrs. Invited by ________

Name ________

Designation ________

Company ________

Address ________

City ________ Pin Code ________ State ________

Tel.(Off.) ________ Fax ________ Mob. ________

Email ________ Website ________

### A. Type(s) of your Business (Please tick ☑)

**Retailer**
☐ Department Store ☐ Discount Store
☐ Mail Order House ☐ Traditional Store
☐ Hyper Market ☐ Boutique
☐ Speciality Stores(MBOs) ☐ Cash and Carry
☐ Speciality Stores(EBOs) ☐ Other ________

**Trade Representative**
☐ Sales Agent
☐ Brand Representative
☐ Distributor
☐ Importer
☐ Wholesaler

**Buyers**
☐ Interior Designer
☐ Corporate Gifts
☐ Gift Suppliers
☐ Buying Houses

**E-Commerce**
☐ Online Retailers ☐ Other ________
☐ TV Shopping ________
☐ Mail Order

**Industry**
☐ Manufacturer
☐ Brand Owner
☐ Exporter

**Others**
☐ Service Provider
☐ Trade Association
☐ Government

### B. Products of your interest

**Home Décor**
☐ Wall ☐ Windows
☐ Floor ☐ Light
☐ Ceiling ☐ Accessories
☐ Lifestyle

**Home Textiles**
☐ Bed Linen ☐ Kitchen & Table
☐ Bath Linen ☐ Furnishing
☐ Curtains ☐ Decorative Made-ups
☐ Rugs & Carpets

**Gifts**
☐ Corporate
☐ Personal
☐ Festive

**Houseware**
☐ Cookware ☐ Bathroom ☐ Cleaning
☐ Tableware ☐ Kitchenware ☐ Outdoor
☐ Storage ☐ Kitchen Appliances ☐ Maintenance

**Babies & Kids**
☐ Toys & Games ☐ Sports, Leisure, Outdoor
☐ Baby Products ☐ Education, Bags
☐ Prams & Walkers ☐ Stationery

**Services**
☐ Trade Publication ☐ Retail Management ☐ Visual Merchandising ☐ Other Support Services
☐ Institutional ☐ Logistic ☐ IT Solutions ________ (Specify)

### C. Purpose of your visit

☐ Source International Products ☐ Source Indian Products ☐ Find New Suppliers
☐ Meet Current Suppliers ☐ Find Agent / Distributor ☐ New Business Opportunities
☐ Product Innovations/Trends ☐ Market Information
☐ Other (Please Specify) ________

### D. How did you learn about HGH India?

☐ Internet ☐ Email ☐ Website ☐ Direct Mailer ☐ Newspaper
☐ Hoardings ☐ Advertisements ☐ From Exhibitor ☐ From Organiser ☐ Word of Mouth
☐ Other (Please Specify) ________

### E. Have you visited any previous edition of HGH India?

☐ 2012 ☐ 2013 ☐ 2014 ☐ 2015 ☐ 2016 ☐ None

*Important notes:*
1) Incomplete form in any respect will not be accepted. It is mandatory to fill the column Invited by.
2) HGH India is strictly a Trade Show. Therefore entry to consumers is not allowed. No retail purchase permitted. You can be disqualified if found doing retail purchases. 3) Children below 15 years are not allowed

Duly filled form to be sent by Fax: +91-22-2421 4116 or Email: visitors@hghindia.com or by post latest by 15th June, 2017 to the address mentioned below. You can also register online at www.hghindia.com/eng/visitor-registration/

**આયોજક : ટેક્સઝોન ઈન્ફોર્મેશન સર્વિસીસ પ્રા. લિ.**
૪૩૧, કલિઆનદાસ ઉદ્યોગ ભવન, સેન્ચુરી ભવન પાસે, પ્રભાદેવી, મુંબઈ – ૪૦૦૦૨૫.
ફોન : +૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૧ ફેક્સ : +૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૬ ઈમેલ: exhibitors@hghindia.com
**દિલ્લી કાર્યાલય :** યૂનિટ નં.: ૧૦૦૩, વિક્રાન્ત ટાવર, રાજેન્દ્ર પ્લેસ, નવી દિલ્લી – ૧૦૦ ૦૦૮.
ફોન : +૯૧ (૧૧)૨૫૭૧ ૪૧૧૧ ફેક્સ : +૯૧ (૧૧) ૨૫૭૧૪૧૧૬ ઈમેલ: exhibitors@hghindia.com

**એક્ઝિબિટર સંપર્ક**
**ભારત :** મુકેશ અગરવાલ કાર્યાલય : + ૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૧ મોબ : +૯૧ ૯૮૨૧૩ ૧૦૪૫૩
ઈમેલ: mukesh.agarwal@hghindia.com
**યૂરોપ :** રિયા રેસન, એક્સ્પો + કન્સલ્ટિંગ એસોશિએટ્સ, એમ્સ્ટર્ડેમ સ્ટ્રીટ, ૪૪, ડીઈ– ૪૦૪૭૪ ડસેલડોર્ફ, જર્મની,
ફોન : +૪૯ ૨ ૧૧ ૬૫૪૯૪૫૩ ફેક્સ: +૪૯ ૨ ૧૧૬૫૪૯૪૫૬. ઈમેલ: pia.ryhsen@expoandconsulting.com

**મુલાકાતી સંપર્ક કરે ભારત**
મિ. અમર શર્મા મોબ.: +૯૧ ૯૯ ૬૭૬ ૦૦૨૮૬ અથવા કાર્યાલય : +૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૧ ઈમેલ: visitors@hghindia.com
કુ. વિદ્યા વર્ધમાન મોબ.: +૯૧ ૯૯ ૬૭૬ ૦૦૫૭૬ કાર્યાલય : +૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૧ ઈમેલ : +૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૧
ઈમેલ: visitors@hghindia.com

